# સર્વ શિક્ષા અભિયાન (SSA) અંતર્ગત તાલુકા કક્ષાએ કરાર આધારિત "બ્લોક એમ.આઈ.એસ. કોઓર્ડિનેટર" અને "ડેટા એન્ટ્રી ઓપરેટર કમ ઓફિસ આસીસ્ટન્ટ" જોઈએ છે

સર્વ શિક્ષા અભિયાન પ્રોજેકટ અંતર્ગત એમ.આઈ.એસ. યુનિટ માટે તાલુકા કક્ષાએ "બ્લોક એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટર" અને "ડેટા એન્ટ્રી ઓપરેટર કમ ઓફિસ આસીસ્ટન્ટ"ની કરાર આધારિત જગ્યા માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત અને પૂરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી **ઓન લાઈન** અરજીઓ મંગાવવામાં આવે છે.

ઉમેદવારે ઓન–લાઈન અરજી **http://www.ssagujarat.org/Recruitment** વેબ સાઈટ પરથી કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબ સાઈટ પર મૂકેલ ઉકત જગ્યા માટેની આવશ્યક લાયકાત, વય મર્યાદા, અનુભવ, નિમણૂંકનો પ્રકાર અને મહેનતાણા અંગેની **સૂચનાઓ/માર્ગદર્શિકા** પહેલા વાંચી લેવી. સ્ટેટ પ્રોજેકટ ઓફિસ ખાતે રૂબરૂ, ટપાલ કે કુરિયર ધ્વારા કોઈપણ અરજી સ્વીકારવામાં આવશે નહી. તદ્ઉપરાંત આવી મોકલેલ અરજીઓ માન્ય ગણાશે નહીં.

ઉમેદવારે ઈન્ટરવ્યુ વખતે **ઓન લાઈન કરેલ અરજીની પ્રિન્ટ** અને જરૂરી પ્રમાણપત્રોની એક–એક સ્વપ્રમાણિત નકલ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે સબંધિત જિલ્લા કક્ષાએ હાજર રહેવાનું રહેશે.

## તાલુકા કક્ષાએ બ્લોક એમ.આઈ.એસ. કોઓ. માટેની આવશ્યક લાયકાત :

| | | |
|---|---|---|
| **શૈક્ષણિક લાયકાત** | : | (૧) B.Com. / BCA / B.Sc. / BBA સાથે સરકાર / યુ.જી.સી. માન્ય યુનિવર્સીટીનો એકવર્ષનો PGDCA કોર્ષ કરેલ હોવો જોઈએ. **અથવા** તેની સમકક્ષ સરકાર / યુ.જી.સી. માન્ય યુનિવર્સીટી કે સંસ્થામાંથી કોમ્પ્યુટરનો એક વર્ષનો કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>**અથવા** (૨) M.Sc. (IT / C.S.) **અથવા** (૩) M.C.A.<br>**અથવા** (૪) B.E. (IT / Computer) |
| **અનુભવ** | : | કોમ્પ્યુટર કામગીરીનો ઓછામાં ઓછો એક વર્ષનો સંસ્થાકીય અનુભવ. |
| **વય મર્યાદા** | : | મહત્તમ ૪૦ વર્ષ (અરજી કરવાની છેલ્લી તારીખ સુધી) |
| **નિમણૂંક** | : | કરારના ધોરણે ૧૧ માસ માટે તદ્દન હંગામી |
| **મહેનતાણું** | : | માસિક ફીકસ વેતન રૂા.૧૦,૦૦૦/– |
| **કુલ ખાલી જગ્યા** | : | ૫૫ |

## તાલુકા કક્ષાએ ડેટા એન્ટ્રી ઓપરેટર માટેની આવશ્યક લાયકાત :

| | | |
|---|---|---|
| **શૈક્ષણિક લાયકાત** | : | (૧) Any Graduate with Six Months Computer Course from Government Recognized Institute. **અથવા** BCA / B.Sc. (IT/Computer) / B.Com. Computer / B.E. (IT/Computer) from Government Recognized Institute and University.<br>(૨) ગુજરાતી અને અંગ્રેજી ટાઈપીંગ આવડતું હોવું ફરજિયાત છે. |
| **અનુભવ** | : | ડેટા એન્ટ્રી ઓપરેટરની કામગીરીનો ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ જરૂરી |
| **વય મર્યાદા** | : | મહત્તમ ૩૫ વર્ષ (અરજી કરવાની છેલ્લી તારીખ સુધી) |
| **નિમણૂંક** | : | કરારના ધોરણે ૧૧ માસ માટે તદ્દન હંગામી |
| **મહેનતાણું** | : | માસિક ફીકસ વેતન રૂા.૭,૫૦૦/– |
| **કુલ જગ્યા** | : | ૮૮ |

ઉમેદવારે માત્ર **એક જ જિલ્લા માટે અરજી કરવાની રહેશે જેની ખાસ નોંધ લેવી.**

**ઓન લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : ૨૬/૦૯/૨૦૧૫** (૨૩:૫૯ કલાક સુધી)

**– સહી–**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ,**
**સર્વ શિક્ષા અભિયાન (એસએસએ), સેકટર–૧૭, ગાંધીનગર**
**ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૭૯૬૫**